Extra No. 59

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] WEDNESDAY, FEBRUARY 11, 2026 / MAGHA 22, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૬

તારીખઃ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના ગુજરાત રાજપત્ર, (અસાધરણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૬ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

લતા બી. નાયક,

સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 1 OF 2026.

GUJARAT SHOPS AND ESTABLISHMENTS (REGULATION OF EMPLOYMENT AND CONDITIONS OF SERVICE) (AMENDMENT) BILL, 2026.

A BILL

further to amend the Gujarat Shops and Establishments (Regulation of Employment and Conditions of Service) Act, 2019.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧.

ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વિધેયક, ૨૦૨૬.

ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, સન ૨૦૨૫ના ડિસેમ્બર મહિનાની ૧૬મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન ૨૦૧૯નો ગુજરાતનો ૪-થો.

સન ૨૦૧૯ના ગુજરાતના ૪-થા અધિનિયમની કલમ ૧નો સુધારો.

૨. ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૧માં, પેટા-કલમ (૩)માં, બે જગ્યાએ આવતા, "દસ" એ શબ્દને બદલે, "વીસ" એ શબ્દ મૂકવો.

સન ૨૦૧૯ના ગુજરાતના ૪-થા અધિનિયમની કલમ ૭નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭માં,-

(૧) "દસ" એ શબ્દ જ્યાં-જ્યાં આવે છે ત્યાં તેને બદલે, "વીસ" એ શબ્દ મૂકવો;

(૨) હાંસિયાની નોંધમાં, "દસ" એ શબ્દને બદલે, "વીસ" એ શબ્દ મૂકવો.

સન ૨૦૧૯ના ગુજરાતના ૪-થા અધિનિયમની કલમ ૧૨-નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨માં, "નવ કલાકથી" અને "પાંચ કલાકથી" એ શબ્દોને બદલે, અનુક્રમે "દસ કલાકથી" અને "છ કલાકથી" એ શબ્દો મૂકવા.

સન ૨૦૧૯ના ગુજરાતના ૪-થા અધિનિયમની કલમ ૧૩નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩માં,-

(૧) પેટા-કલમ (૨)માં, વિદ્યમાન પરંતુકને બદલે, નીચેનો પરંતુક મૂકવો:-

"પરંતુ એવી કોઈ દુકાન અથવા સંસ્થા જેમાં આરામ માટેના રૂમ, રાત્રી ઘોડિયાઘર, મહિલાઓ માટેના શૌચાલય, તેમના ગૌરવ, સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતીય સતામણીથી રક્ષણ અને સંસ્થામાંથી તેમના નિવાસસ્થાન સુધી તેમને લાવવા-લઈ જવાની વ્યવસ્થા માલિક દ્વારા પૂરી પાડવામાં આવતી હોય એવી દુકાન અથવા સંસ્થામાં મહિલા કામદારની સંમતિથી, તેને રાત્રીના ૯ વાગ્યાથી સવારના ૬ વાગ્યા વચ્ચેના સમયમાં કામ કરવાની પરવાનગી આપી શકાશે.";

(૨) પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

"(૩) આગળની પેટા-કલમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, જાહેર હિતમાં, પોતે યોગ્ય ગણે તેવા વિસ્તાર અથવા વિસ્તારોમાંની આવી દુકાન અથવા સંસ્થામાં, રાત્રીના ૯ વાગ્યા પછી અને સવારના ૬ વાગ્યા પહેલાં, મહિલા કામદારોના રોજગાર પર પ્રતિબંધ મૂકી શકશે અથવા તેનું નિયમન કરી શકશે.".

સન ૨૦૧૮ના ગુજરાતના ૪-થા અધિનિયમની કલમ ૧૫-નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫માં,-

(૧) “નવ કલાક” એ શબ્દોને બદલે, “દસ કલાક” એ શબ્દો મૂકવા;

(૨) “એક સો પચીસ કલાકથી” એ શબ્દોને બદલે, “એકસો ચુંમાળીસ કલાકથી” એ શબ્દો મૂકવા.

રદ કરવા બાબત અને અપવાદ.

૭. (૧) ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વટહુકમ, ૨૦૨૫, આથી, રદ કરવામાં આવે છે. સન ૨૦૨૫નો ગુજરાત વટહુકમ ક્રમાંક. ૩.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો હોવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજ્ય-એ, કામદારોની કામની સ્થિતિમાં સુધારો કરવા, મહિલાઓ માટે નોકરીની વધુ તકો ઊભી કરવા અને કામકાજ કરવા માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવાના હેતુથી, ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ અધિનિયમિત કર્યો છે. તેમાં, વર્ષ દરમિયાન ૩૬૫ દિવસ સંસ્થા ચલાવવાની અને તેને ખોલવાના/ બંધ કરવાના સમયની સ્વતંત્રતા માટેની, સ્ત્રીઓને પૂરતી સુરક્ષા અને સલામતીની જોગવાઈઓ સાથે રાત પાળી દરમિયાન કામ કરવાની પરવાનગી આપવાની, સરળ બનાવેલી કાર્યરીતિથી ઓનલાઈન રજિસ્ટ્રેશન માટેની, કામદારોની સુરક્ષા અને તેમના આરોગ્ય વગેરે માટે માલિક દ્વારા લેવાનાં પૂરતા પગલાં માટેના નિયમો કરવા અંગેની સરકારની સત્તાની પણ જોગવાઈ કરી છે.

રાજ્ય સરકારને, વીસ અથવા તેથી વધુ કામદારોને કામે રાખનાર સંસ્થાઓ માટેની અધિનિયમની લાગુ પડતી મર્યાદા વધારવા માટે, સદરહુ અધિનિયમ સુધારવાનું જરૂરી જણાયું છે.

કામ અને વેતનની સમાનતા અને સમાન તક પૂરી પાડીને ઓવરટાઈમ કામ પર મહિલા કામદારોને રોજગારી આપવાનું તેમજ આવી દુકાન અથવા સંસ્થામાં પૂરી પાડવામાં આવતી હોય તેવી આરામ માટેના રૂમ, રાત્રી ઘોડિયાઘર, મહિલાઓ માટેના શૌચાલય, તેમના ગૌરવ, સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતીય સતામણીથી રક્ષણ અને સંસ્થામાંથી તેમના નિવાસસ્થાન સુધી તેમને લાવવા-લઈ જવાની વ્યવસ્થા માલિક દ્વારા પૂરી પાડવામાં આવશે તે શરતને અધીન રહીને, મહિલાઓ માટે ચોવીસ કલાક રોજગારી પૂરી પાડવાનું પણ જરૂરી જણાયું છે.

રાજ્ય સરકારને, કોઈપણ ત્રિમાસ માટે ઓવર-ટાઈમ કામના કુલ કલાકની સંખ્યા એકસો ચુંમાળીસ કલાક કરતાં વધે નહિ તે રીતે કામદારોને ઓવર-ટાઈમ કામ કરવાની પરવાનગી આપવાનું પણ જરૂરી જણાયું છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વટહુકમ, ૨૦૨૫ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી, સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

કુંવરજીભાઈ બાવળીયા,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૫.- આ કલમથી દાખલ કરવા ધારેલી કલમ ૧૩ની નવી પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, પોતે યોગ્ય ગણે તેવા તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વિસ્તાર અથવા વિસ્તારોમાંની આવી દુકાન અથવા સંસ્થામાં, રાત્રીના ૯ વાગ્યા પછી અને સવારના ૬ વાગ્યા પહેલાં, મહિલા કામદારોના રોજગાર પર પ્રતિબંધ મૂકવાની અથવા તેનું નિયમન કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૬. **કુંવરજીભાઈ બાવળીયા.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,

તારીખ: ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૬. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.02.25 16:40:27 IST